## BUSINESS મિત્ર

### આરબીઆઇની મોનીટરી પોલિસી બેઠક પર બજારની નજર

# રોલર કોસ્ટર સવારી વચ્ચે શેરબજાર ફ્લેટ બંધ

**સેન્સેક્સમાં માત્ર ૧૩ પોઇન્ટનો સુધારો**

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 4:** ભારતીય શેરબજારમાં નજીવા સુધારા સાથે બંધ રહ્યો હતો. જ્યાં રોલર કોસ્ટર ટ્રેડિંગ કે નફો અને નુકશાન વચ્ચે તીવ્ર ફેરફાર થયો હતો. બીએસઇ ખાતે સાપ્તાહિક એફ એન્ડ ઓ સમાપ્ત થવાના કારણે અસ્થિરતા ઉંચી રહી હતી, જ્યારે મીડલ ઇસ્ટમાં ભૌગોલિક રાજકીય ચિંતાઓ અને એફઆઇઆઇની વેચાણ ચાલુ રાખવા વચ્ચે સાવચેતી ચાલુ હતી.

આરબીઆઇના નાણાકીય નીતિના નિર્ણય પહેલા રોકાણકારોએ આક્રમક વલણ અપનાવવાનું ટાળ્યું હતું. બજારના સહભાગીઓ વ્યાજદર ફુગાવો, વૃદ્ધિની સંભાવનાઓ અને પ્રવાહિતાની સ્થિતિ પર કેન્દ્રીય બેન્કની ટિપ્પણીની આતુરતાથી રાહ જોઇ રહ્યા હતા. આરબીઆઇની મોનીટરી પોલિસી કમિટિની ત્રણ દિવસીય બેઠક ચાલી રહી છે, જે આવતીકાલે નીતિગત નિર્ણયની જાહેરાત કરશે. પરિણામ બજાર માટે નજીકના ગાળાની અસર કરશે. જોકે, આજે બ્રોડર માર્કેટ પણ સુધારા સાથે ચાલી રહ્યા હતા. જેઓએ સુંદર પ્રદર્શન કર્યુ હતું.

સેકટર વાઇઝ જોઇએ તો મીડિયા, કન્ઝયુમર ડયુરેબલ્સ અને પીએસયુ બેન્ક શેરોમાં સુધારો રહ્યો હતો. જ્યારે મેટલ અને આઇટી શેરોમાં સુધારો રહ્યો હતો. જ્યારે નિફ્ટી 23400 પોઇન્ટના સ્તરે સ્થિર રહ્યા હતા.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસુ કેરળ પહોંચ્યું હતું, જે 1 જુનની સામાન્ય શરૂઆતની તારીખ કરતા ત્રણ દિવસ મોડું હતું. જુન-સપ્ટેમ્બરનું ચોમાસુ ભારતના લગભગ ચાર ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા માટે નિર્ણાયક છે, જે કૃષિ અને જળ જળાશયો માટે જરૂરી વરસાદના લગભગ 70 ટકા પ્રદાન કરે છે. જુલાઇ મધ્ય સુધીમાં પાકોનું વાવેતર શક્ય બને છે. જોકે, ભારતીય હવામાન વિભાગની આગાહી પછી ચિંતા છે કે 2026માં અલ નીનોથી અસરગ્રસ્ત ચોમાસાના પરિણામે 11 વર્ષના સૌથી નબળો વરસાદ થઇ શકે છે, જે સંભવિત રીતે પાકના ઉત્પાદન, ખાદ્ય ફુગાવો અને આર્થિક વૃદ્ધિને અસર કરી શકે છે.

બીએસઇ સેન્સેક્સ 13.84 પોઇન્ટ એટલે કે 0.02 ટકા વધીને 74360.01 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74544 પોઇન્ટના સ્તર સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73807 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. 10.95 પોઇન્ટ એટલે કે 0.05 ટકા વધીને 23416.55 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23465 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 23247 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 121.90 પોઇન્ટ એટલે કે 0.23 ટકા વધીને 54307.85 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એસબીઆઇ લાઇફ 13.55 ગણા, જેબીએમ ઓટો 11.03 ગણા, ભારતી હેક્ષાકોમ 7.13 ગણા, વોલ્ટાસ લિ.માં 6.65 ગણા, સ્કેન્ડર ઇલે. ઇન્ફ્રામાં 5.61 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એમએમટીસીમાં 1985 ગણા, જેબીએમ ઓટોમાં 18.31 ગણા, સ્કેન્ડર ઇલે.માં 9.44 ગણા, ઝેન ટેકનોલોજીમાં 8.57 ગણા અને ફીઝીકલવાલા 7.61 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં સુંદર પ્રદર્શન રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 0.46 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 0.60 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ રહ્યા હતા. બીએસઇ ખાતે 2244 શેરો વધ્યા હતા, જ્યારે 1930 શેરો ઘટ્યા હતા અને 182 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ માર્કેટમાં જોઇએ તો ડોલરની સામે રૂપિયો નીચા સ્તર પર હતો. આંશિક રીતે કન્વર્ટીબલ રૂપિયો અગાઉના ટ્રેડિંગ સેશન દરમ્યાન 95.76ના સ્તરે બંધ રહ્યા હતા.

નિફ્ટી મીડિયા ઇન્ડેક્સ 2.81 ટકા વધ્યો હતો. જેમાં ઝી એન્ટર, ટીપ્સ મ્યુઝિક, નેટવર્ક 18 મિડિયા, પ્રાઇમ ફોક્સ અને હેથવે કેબલ વધ્યા હતા. જ્યારે સારેગામા ઇન્ડિયા, નઝારા ટેકનો અને ડીબી કોર્પ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે ઇઝરાયેલ અને લેબનોન વચ્ચે યુદ્ધ વિરામ પર સહમતિ થતા મોટાભાગના યુરોપિયન બજારો સુધારા સાથે ચાલી રહ્યા છે. ઇરાન-યુએસ વચ્ચેના તણાવના કારણે ક્રુડના ભાવમાં વધારો થયો હોવાથી મોટાભાગના એશિયન બજારો વોલસ્ટ્રીટના નુકશાનને ટ્રેક કરતા નીચા બંધ રહ્યા હતા. જે ઉર્જા અને ફુગાવાની ચિંતાને વેગ આપે છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, તેણે અનેક ઇરાની બેલિસ્ટીક મિસાઇલો અને ડ્રોનને પછાડ્યા છે, તેમજ પર્શિયન ગલ્ફમાં કેશમ ટાપુ પર સ્વ સંરક્ષણ હુમલા શરૂ કર્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.04 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 1.19 ટકા અને ડેક્સ 0.50 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 1.38 ટકા, સ્ટ્રેઇટસ 1.40 ટકા, હેંગસેંગ 1.50 ટકા, તાઇવાન 1.71 ટકા, કોસ્પી 1.88 ટકા, જકાર્તા 1.73 ટકા અને શાંઘાઇ 0.65 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

### ડોલર વધુ સુધર્યો

અમદાવાદ, તા. 4: કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો વધુ ઘટ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 7 પૈસા ઘટીને 95.79ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.72ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 111.37, પાઉન્ડ 129.43, કેનેડિયન ડોલર 68.90, ઓસ્ટ્રેલિયન ડોલર 68.00 અને જાપાનીઝ યેન 0.5991 અને સીંગાપોર ડોલર 74.82ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 95.77 રૂ. |
| યુરો | 111.37 રૂ. |
| પાઉન્ડ | 129.43 રૂ. |
| યેન | 0.5991 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 13.84 | 74360.01 |
| નિફ્ટી | 10.95 | 23416.55 |
| બેન્ક નિફ્ટી | 121.90 | 54307.85 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.48 | 4231.00 |
| ઇટર્નલ | 2.98 | 254.35 |
| કોલ ઇન્ડિયા | 1.98 | 481.65 |
| સીપલા | 1.71 | 1398.70 |
| અદાણી એન્ટર | 1.61 | 2972.80 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.74 | 1201.30 |
| બજાજ ફિનસર્વ | 1.42 | 1709.80 |
| હિન્દાલ્કો | 1.17 | 1125.60 |
| એસબીઆઇ લાઇફ | 1.08 | 1764.90 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.94 | 10997.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાઇટન કંપની | 3.48 | 4226.95 |
| ઇટર્નલ | 2.91 | 254.30 |
| આઇટીસી | 1.21 | 280.30 |
| ટેક મહિન્દ્રા | 0.95 | 1487.00 |
| એસબીઆઇ | 0.89 | 979.65 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 1.76 | 1200.65 |
| બજાજ ફિનસર્વ | 1.13 | 1713.20 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.96 | 10995.55 |
| એચસીએલ ટેકનો | 0.85 | 1168.50 |
| અદાણી પોર્ટસ | 0.71 | 1790.50 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૩૭.૫ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૭૦ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૫૧ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૭ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૪૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૪૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૪૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૯૫ |
| ૬૮/૩૬ | ૧૪૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૮ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૪૨ | ૧૦૦ ટેક્ષ | ૧૪૦ | ૬૮ ક્રિમ્પ | ૧૪૭ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૪૧ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૪૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૪૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૫ | ૭૫ ક્રિમ્પ | ૧૪૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૫૧ | ૮૦ ક્રિમ્પ | ૧૪૦ |
| ૮૦/૭૨ રોટો. | ૧૪૨ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૧ | ૮૦/૭૨ રોટો | ૧૪૩.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૪૩ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૩૯ | ૮૦/૧૦૮ '' | ૧૪૩.૫ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૪૨.૫ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૬૧૭૫૦ |
| તેજાબી સોનું | ૧૬૧૬૬૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૫૩૬૬૦ |
| દાગીના-બીઆઇએસ હોલમાર્ક | ૧૫૮૫૧૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૬૧૭૫૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૭૦૬૦૦ |
| ચાંદી સિક્કા | ૨૭૨૧૦૦ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૯૫૦ | કોપરેલ | ૪૮૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૨૬૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૭૮૦ | તલતેલ | ૪૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૫૪૦ | દિવેલ | ૨૪૮૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૮૦ | મકાઇ તેલ | ૨૩૬૦ |
| સરસીયું તેલ | ૨૯૦૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૫૦૦ |
| એમ-30 | ૪૪૫૦ |
| એસ-30 | ૪૪૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |

# ઘઉંની બમ્પર ઉત્પાદનના લીધે ભાવોમાં કડાકો

**ખેડૂતોને** આર્થિક નુકશાન પડશે

**ખુલ્લી** મંડીઓના ભાવમાં ઘટાડાથી ખેડૂતોની રોકડ કમાણીને અસર થશે, ગ્રામીણ અર્થવ્યવસ્થા પર દબાણ વધી શકે

નવી દિલ્હી, તા. 4: દેશમાં ઘઉંનું વિક્રમી ઉત્પાદન અને અપેક્ષિત સરકારી ખરીદી કરતા મંડીઓમાં વધુ માત્રામાં સ્ટોકના ભરાવાથી સમીકરણ બદલાઇ ગયા છે. 2026-27 રવિ સીઝનમાં સરકારની ઘઉંની ખરીદી 17 ટકા વધીને 35 મિલિયન ટનથી વધુ થઇ ગઇ છે. જે ગત વર્ષના સ્તરથી વધુ છે.

એક તરફ સરકારી ગોડાઉન ઘઉંથી ભરાયેલા છે, બીજી તરફ મંડીઓમાં બમ્પર આગમન અને વેપારીઓના નબળા રસના કારણે ઘઉંના ભાવમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. બજારના નિષ્ણાતોનું માનવું છે કે, ખુલ્લી મંડીઓમાં ભાવમાં કડાકાથી ખેડૂતોની રોકડ કમાણી પર અસર કરશે અને તે પહેલાથી જ સુસ્ત ગ્રામીણ અર્થવ્યવસ્થા પર દબાણ વધારી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કમોસમી વરસાદ અને કરા પડવાથી આ વર્ષે ઘઉંની ચમક અને દાણાને નુકશાન થયું હતું. આ કારણે ખાનગી મિલરો અને મોટા વેપારીઓ ઉંચા ભાવે નબળી ગુણવત્તાવાળા ઘઉં ખરીદવા તૈયાર નથી. કૃષિ વિભાગના આંકડા અનુસાર આ પાક વર્ષમાં દેશમાં ઘઉંનું ઉત્પાદન વધીને 120.6 મિલિયન ટનના રેકોર્ડ સ્તરે પહોંચવાની ધારણા છે, જે ગત વર્ષના 117.9 મિલિયન ટન કરતા વધુ છે. છેલ્લા એક મહિનામાં વિવિધ મંડીઓમાં ઘઉંના ભાવમાં 2.5 ટકાનો ઘટાડો થયો છે.

નિકાસ અંગે પણ આશા પણ ઠગારી નીવડશે, કેમ કે ભારતીય ઘઉંના ભાવ હજુય પણ રશિયા અને યુક્રેન કરતા મોંઘા છે.

### રૂપિયાને બચાવવા મોટો દાવ

# FII માટે ઈતિહાસની સૌથી મોટી ટેક્સ રાહતની તૈયારી

**સરકારી** બોન્ડમાં રોકાણ પર ટેક્સ સંપૂર્ણ નાબૂદ કરવા સરકાર લાવી શકે છે વિશેષ વટહુકમ; બોન્ડ યીલ્ડ ઘટીને 7.01% થઇ

નવી દિલ્હી, તા. 4: ભારતીય અર્થતંત્ર અને રૂપિયાને વૈશ્વિક સંકટથી બચાવવા માટે કેન્દ્ર સરકાર એફઆઇઆઇને ઇતિહાસની સૌથી મોટી ટેક્સ રાહત આપવાની તૈયારી કરી રહી છે. એક રિપોર્ટ અનુસાર એફઆઇઆઇને ભારતીય સરકારી સિક્યોરિટીઝમાં રોકાણ કરવા માટે ટેક્સમાંથી સંપૂર્ણ મુક્તિ આપવા પર વિચારણા કરી રહી છે.

સરકાર આ મોટો નિર્ણયને લાગુ કરવા માટે વિશેષ વટહુકમ લાવી શકે છે. આ ઐતિહાસિક રાહતના સમાચાર બહાર આવતાન સાથે જ આજે સવારે કારોબારમાં ભારતના બેન્ચમાર્ક 10 વર્ષના સરકારી બોન્ડની યીલ્ડ ઘટીને 7.01 ટકા થઇ ગઇ હતી.

સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર આ વટહુકમ દ્વારા વિદેશી રોકાણકારો પરના બે સૌથી ભારે ટેક્સ સંપૂર્ણપણે દુર કરી શકાય છે. પસંદગીની સરકારી સિક્યોરિટીઝ પર 12.5 ટકાનો લોંગટર્મ કેપિટલ ગેઇન્સ ટેક્સ સંપૂર્ણપણે નાબૂદ થઇ શકે છે. સરકારી બોન્ડસમાંથી વ્યાજની આવક પર એફઆઇઆઇએ ચુકવવો પડતો 20 ટકા વિથ હોલ્ડીંગ ટેક્સ પણ સંપૂર્ણપણે દુર થઇ શકે છે.

આ પગલામાં ટેક્સનો બોજ હાવીને સરકારનું લક્ષ્ય ભારતના ડેટ માર્કેટમાં ઝડપથી વિદેશી મુડી આકર્ષિત કરવાનું છે, જેથી રૂપિયો ઘટાડાને રોકી શકે અને બોન્ડ માર્કેટમાં ડોલરનો પ્રવાહ વધારી શકે.

# ક્રિપ્ટો માર્કેટમાં મોટો ભૂકંપ

**બિટકોઇન** અને ઇથેરિયમમાં 4%થી વધુનો કડાકો

**US** બિટકોઇન ETFમાંથી ૧૩ દિવસમાં અબજો ડોલર પાછા ખેંચાયા; વૈશ્વિક તણાવ વચ્ચે કિંમતો તળિયે

મુંબઇ, તા. 4: ક્રિપ્ટો કરન્સી માર્કેટમાં ખળભળાટ મચી ગયો છે. બિટકોઇન, ઇથેરિયમ જેવી ટોચની ક્રિપ્ટો કરન્સીમાં ચાર ટકાથી વધુનો ઘટાડો નોંધાયો છે. છેલ્લા 13 દિવસથી યુએસ બિટકોઇન ઇટીએફમાંથી અબજો ડોલર પાછા ખેંચી લેવામાં આવ્યા છે.

આજે ક્રિપ્ટો કરન્સી માર્કેટમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. જેમાં બિટકોઇનની કિંમત રૂ. 64000ની નજીક આવી ગઇ છે. એક તરફ ઇઝરાયેલ અને લેબનોન વચ્ચે યુદ્ધવિરામથી ક્રુડ ઓઇલના ભાવમાં ઘટાડો થવા લાગ્યો છે, બીજી તરફ, ક્રિપ્ટો માર્કેટમાં સતત ઘટાડો થઇ રહ્યો છે. છેલ્લા 13 દિવસમાં યુએસ સ્પોટ બિટકોઇન ઇટીએફમાંથી અબજો ડોલર પાછા ખેંચી લેવામાં આવ્યા છે. માત્ર બિટકોઇન જ નહીં, પરંતુ વ્યાપક ઘટાડાની અસર ઇથેરિયમ, સોલાના ડોગ કોઇન જેવી મોટી ક્રિપ્ટો કરન્સી પર પણ જોવા મળી રહી છે.

છેલ્લા ચોવીસ કલાકમાં દુનિયાની સૌથી મોટી ક્રિપ્ટોકરન્સી બિટકોઇનના ભાવમાં 4.48 ટકાનો ઘટાડો નોંધાયો હતો, ત્યારબાદ ચલણ 64212.31 ડોલર પર આવી ગયું હતું. વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં એક પણ સમય એવો નથી બન્યો જ્યારે બિટકોઇન એક લાખ ડોલરનો આંકડો પાર કરી ગયું હોય. અમેરિકા અને ઇરાન વચ્ચે તણાવની શરૂઆતથી જ ડિજિટલ કરન્સીમાં સતત દબાણ રહ્યું છે. ઇથેરિયમની કિંમત 4.48 ટકા ઘટીને 1781.56 ડોલર થઇ ગઇ છે. આ ચલણ પર વ્યાપક બજારના ઘટાડા અને બિટકોઇનના ઘટાડાની અસર પણ જોવા મળી રહી છે.

બીએનબી પ્રાઇસે 24 કલાકમાં ઘટાડાની દ્રષ્ટિએ બિટકોઇન અને ઇથેરિયમને પણ પાછળ છોડી દીધું છે. જે 6.28 ટકાના ઘટાડા બાદ ચલણ ઘટીને 602.60 ડોલર થઇ ગયું છે.

# વેદાન્તા કચેરીઓ પર EDની સર્ચ પ્રક્રિયા પૂર્ણ

**વેદાન્તાએ** કહ્યું, કંપની સામે દંડ કે પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી

નવી દિલ્હી, તા. 4: માઇનીંગ કંપની વેદાન્તાએ જણાવ્યું હતું કે, ઇડીએ કંપનીની કેટલીક કચેરીઓમાં કરવામાં આવેલી સર્ચ કાર્યવાહી પુર્ણ કરી લીધી છે.

કંપનીનું કહેવું છે કે આ તપાસ બાદ તેની સામે કોઇ દંડ, પ્રતિબંધ અથવા અન્ય કાર્યવાહી કરવામાં આવી નથી. કંપનીએ શેરબજારને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, આ કાર્યવાહી ફેમા હેઠળ ચાલી રહેલી તપાસનો એક ભાગ છે. જે 1લી જુથથી શરૂ થઇ છે અને 3 જુનની રાતે સમાપ્ત થઇ હતી.

વેદાન્તા જણાવ્યા અનુસાર તપાસ દરમ્યાન કંપનીના અધિકારીઓએ ઇડી દ્વારા માંગવામાં આવેલી તમામ માહિતી, દસ્તાવેજો અને જરૂરી જવાબો પુરા પાડ્યા હતા. કંપનીએ કહ્યું હતું કે, તેની સામે કોઇ દંડ કે પ્રતિબંધ લાદવામાં આવ્યો નથી. ઉપરાંત આ સમગ્ર કાર્યવાહીની કંપનીના વ્યવસાય, કમાણી અથવા રોજિંદા કામગીરી પર કોઇ અસર પડી નથી. ઇડીએ મુંબઇ અને દિલ્હીમાં વેદાન્તાની કચેરીઓ સર્ચ કરી હતી. આ તપાસ વેદાન્તા દ્વારા તેની પેરેન્ટ કંપની વેદાન્તા રિસોર્સિસને કરવામાં આવેલી રોયલ્ટી ચુકવણી સાથે સંબંધિત હોવાનું કહેવાય છે. કંપનીએ કહ્યું હતું કે, તે તપાસ એજન્સીને સંપૂર્ણ સહકાર આપી રહી છે અને માંગવામાં આવેલી તમામ માહિતી પુરી પાડી રહી છે.

## ટાઇટલ કલીયર અંગેની જાહેર નોટિસ

આથી લાગતા વળગતા સર્વેને જણાવવાનું કે નીચે પરિશિષ્ટમાં જણાવેલ વર્ણન અને વિગત વાળી મીલકતના માલીક **શ્રી કૈલાશ એસ. મુંધડા** ની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટાની ચાલી આવેલી છે અને તેઓએ હમો કનેથી ટાઇટલ કલીયરન્સ સર્ટિફીકેટ ની માંગણી કરેલ છે અને તેઓ સદરહુ મીલકત હમારા અસીલ બેંક માં મોર્ગેજ મુકી નાણાંકીય સવલતો મેળવવાનું નકકી કર્યુ છે. પરંતુ સદર મીલકતના અસલ દસ્તાવેજો પૈકી નીચે જણાવેલ અસલ દસ્તાવેજ તેમના કબજા ભોગવટામાંથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. જેથી સદરહુ મીલકત બાબતે કોઇને કોઇપણ પ્રકારનો વાંધો, વિરોધ, અવરોધ, અટકાયત કે તર તકરાર હોય તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખીત પુરાવા સહીત જાણ કરવી. મુદ્દત વિત્યે કોઇના કોઇપણ જાતના વાંધા, વિરોધ, અવરોધ આવશે નહી તો હમો સદરહુ મીલકતનું ટાઇટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ અને હમારા અસીલ બેંક સદરહુ મીલકત ઇકવીટેબલ ગીરોમાં લેશે અને પાછળથી કોઇના કોઇપણ જાતના વાંધા ચાલશે નહી અને સદરહુ મીલકત ઉપર અમારા અસીલનો પ્રથમ ચાર્જ રહેશે. જેની આથી સર્વો એ નોંધ લેવી.

**મીલકત ની વિગત**

રજીસ્ટ્રેશન જીલ્લા સુરતના, તાલુકા પલસાણા ના મોજે ગામ ધામદોડ ગામના સરકારી **રેવન્યુ દફતરે રેવન્યુ બ્લોક નંબર : ૧૦૭** થી નોંધાયેલી રહેઠાણ ઉપયોગી બિનખેતીની થયેલી ખુલ્લી જમીન નોંધાયેલી ચાલી આવેલી. જેનું સુમારે અનુક્રમો હે.આરે.ચો.મી. ૦-૮૯-૦૩ ક્ષેત્રફળ વાળી જમીન જેનો આકાર રૂા. ૧૧.૧૯ પૈસાનો છે. જેનો બિનખેતી અંગે વિશેષ ધારાની નકકી થયેલ રકમ રૂપીયા ૮૯૦.૨૦ પૈસા છે. અને એ જણાવેલ ક્ષેત્રફળ મુજબ અંદાજે થતા ૮૯૦૩ ચો.મી. બિનખેતીની થયેલી જમીનમાં રહેઠાણ હેતુ લક્ષી બાંધકામ કરવા અંગેના પ્લોટો પાડવામાં આવેલ છે અને તે **"ભુમી વિલા"** ના નામથી વેચાણ થતા આવેલ છે. તે પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૭** વાળી બિનખેતીની ખુલ્લા પ્લોટ વાળી જમીન જેનો **પ્લોટેડ ક્ષેત્રફળ ૨૨૭.૫૧ ચો.મી.** તથા **કોમન રસ્તા અને કોમન પ્લોટનું ક્ષેત્રફળ ૯૨.૩૬ ચો.મી.** મળી કુલ્લે ૩૧૯.૮૭ ચો.મી. જમીન વાળી મીલકત.

**ખોવાઇ ગયેલ દસ્તાવેજની યાદી**

(૧) અસલ વેચાણ દસ્તાવેજ નંબર : ૨૩૮૭, તારીખ ૦૬/૦૭/૨૦૧૧ ની અસલ રજીસ્ટ્રેશન પહોંચ (નાણાભર્યાની પાવતી).

૭૧૨-એ, અભીનંદન રોયલ, ભટાર રોડ, સુરત.
૬૦૮, લકઝુરીયા બીઝનેસ હબ, ડુમસ રોડ, સુરત.
મો.૯૮૯૮૦ ૭૯૩૩૨

**મનીષ ધ્રાંગડ**
**એડવોકેટ એન્ડ નોટરી**

## ડિસ્ટ્રીકટ નવસારી,સબ-ડિસ્ટ્રીકટ જલાલપોર,મોજે ગામ : આરક ના બ્લોક નં.૨૦૧ તથા ૨૦૨ વાળી જુની શરતની ખેતીની જમીનના ટાઇટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે **ડિસ્ટ્રીકટ નવસારી, સબ-ડિસ્ટ્રીકટ જલાલપોર, મોજે ગામ : આરક બ્લોક નં.૨૦૧, જેનો આકાર રૂ.૧૨.૧૫ જેનુ ક્ષેત્રફળ ૧૦૨૪૪ ચો.મી, ખાતા નં.૪૫૪ વાળી જુની શરતની ખેતીની જમીન ૧. જીતેન્દ્રકુમાર પરસોત્તમ ગોવિંદજી ભકત, ૨. ભરતકુમાર પરસોત્તમભાઇ ગોવિંદભાઇ ભકત, ૩. સંગીતા દિલીપકુમાર ભકત તથા ડિસ્ટ્રીકટ નવસારી, સબ-ડિસ્ટ્રીકટ જલાલપોર, મોજે ગામ : આરક બ્લોક નં.૨૦૨, જેનો આકાર રૂ.૧૪.૧૦ જેનુ ક્ષેત્રફળ ૧૨૦૪૯ ચો.મી, ખાતા નં. ૪૧૦ વાળી જુની શરતની ખેતીની જમીન ૧. જીતેન્દ્રકુમાર પરસોત્તમ ગોવિંદજી ભકત, ૨. ભરતકુમાર પરસોત્તમભાઇ ગોવિંદભાઇ ભકત, ૩. સંગીતા દિલીપકુમાર ભકત, ૪. અતિક દિલીપકુમાર ભકત, ૫. પાયલ દિલીપકુમાર ભકત**ની સંયુકત માલિકી કબજા, ભોગવટા,વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી છે. તેઓની સદરહું જમીન / મિલકત ચોખ્ખા મોર્કેટેબલ ટાઇટલ વાળી અને તેમની સંયુકત માલીકી અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે. આથી સદરહું જમીન પરત્વે કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિત, સંબંધ, અધિકાર, ચાર્જ બોજો, દાવો ફરીયાદ કે ઇઝમેન્ટરી રાઇટ હોય તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭ માં** હમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો મુદતસર તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યા બાદ સદરહું જમીનોમાં કોઇનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિત, સંબંધ,અધિકાર, ચાર્જ, બોજો, દાવો, ફરીયાદ નથી અને હોય તો જતો કર્યો છે યાને છોડી દીધો છે તેમ માની સદરહું મિલકત ચોખ્ખા ટાઇટલ વાળી છે તેમ માની લઇ અમારા અલીસને તે અંગેનું ટાઇટલ કલીયર સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ ભવિષ્યમાં તે અંગેની કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર, દાવો, ફરીયાદ અને વાંધો ચાલશે નહી અને માન્ય ગણાશે નહી. તેમજ કોઇપણ પ્રકારનો કલેઇમ કોઇપણ વ્યકિત કરશે તો તે માન્ય ગણાશે નહિ. તેમજ કોઇપણ રેવન્યુ, સિવિલ કે અન્ય કોર્ટોમાં પુરાવામાં ગ્રાહય ગણવામાં આવશે નહિ જેની લાગતા-વળગતાઓએ અને જાહેર જનતાએ ખાસ નોંધ લેવી.

તા. ૦૫/૦૬/૨૦૨૬
ઓફીસ : ૩૦૫-૩૦૬, ટાઇમ્સ કવેર, જી.ડી. ગોયેનકા સ્કુલ સામે, કેનાલ રોડ, વેસુ, સુરત.
મો.નં. ૯૩૨૮૫ ૮૭૦૦૦

**અમી બી. વખારીયા**
**(એડવોકેટ એન્ડ નોટરી)**
**તે ખરીદનારના એડવોકેટ**

# મની માર્કેટમાં ઐતિહાસિક તેજી

**ટ્રાઇ**-પાર્ટી રેપો ટર્નઓવર રૂ.૫.૫ ટ્રિલિયનની રેકોર્ડ સપાટીએ

**ક્રેડિટ** ડિમાન્ડ વધતાં સરકારી બેંકોએ ઉધાર લીધું; થાપણોની અછત વચ્ચે મની માર્કેટ બન્યું ભંડોળનો સસ્તો સ્ત્રોત

મુંબઇ, તા. 4: વધતી ધિરાણ માંગને પહોંચી વળવા સરકારી બેંકોએ ઉધાર લેવાનું વધારતા ભારતનું મની-માર્કેટ ટર્નઓવર રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. દેશના મની માર્કેટમાં ૭૦% હિસ્સો ધરાવતા ટ્રાઇ-પાર્ટી રિપરચેઝ (TREPS) સેગમેન્ટમાં સોદાનું મૂલ્ય ૧૩ મેના રોજ વધીને ૫.૫ ટ્રિલિયન ($૫૭.૮ બિલિયન) ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યું હતું. વૈશ્વિક સ્તરે ઉર્જા સંકટ હોવા છતાં, ભારતમાં પાવર, રિન્યુએબલ અને ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રોમાં મજબૂત ક્રેડિટ માંગ છે.

તાજેતરના ડેટા અનુસાર, ૧૫ મે સુધીના વર્ષમાં બેંક ધિરાણ ૧૬.૨% ના દરે વધ્યું છે, જે બે વર્ષમાં સૌથી ઝડપી છે. સતત આઠમા મહિનામાં ક્રેડિટ માંગ ડિપોઝિટ વૃદ્ધિ કરતાં વધી જતાં, ક્રેડિટ-ડિપોઝિટ ગેપ ૪૦૦ બેસિસ પોઇન્ટ સુધી વધ્યો છે.

# આ વર્ષે ૫૦૦ અને ૨૦૨૭ સુધીમાં ૫,૦૦૦ ફ્લેક્સ-ફ્યુઅલ પંપ સ્થપાશે

**મારુતિ** અને હીરો મોટોકોર્પે લોન્ચ કર્યા ઇથેનોલ આધારિત વાહનો

મુંબઇ તા. 4: ભારત સરકાર આયાતી અશ્મિભૂત ઇંધણ પરનું અવલંબન ઘટાડવા અને પર્યાવરણની રક્ષા માટે ઇથેનોલ-આધારિત ગતિશીલતા (Mobility) પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદીપ સિંહ પુરીના જણાવ્યા અનુસાર, દેશમાં આ વર્ષના અંત સુધીમાં ૫૦૦ ફ્લેક્સ-ફ્યુઅલ રિટેલ પંપ સ્થાપવામાં આવશે, જ્યારે ૨૦૨૭ના અંત સુધીમાં વધારીને ૫,૦૦૦ આઉટલેટ્સ સુધી પહોંચાડવાનું લક્ષ્ય છે. શરૂઆતમાં દિલ્હી-NCR, મુંબઇ, પુણે અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં ૫૦ થી ૧૦૦ સ્ટેશનો શરૂ કરાશે. હાલમાં ભારતમાં મુખ્યત્વે E20 ઇંધણ (૮૦% પેટ્રોલ, ૨૦% ઇથેનોલ) વપરાય છે, પરંતુ હવે સરકાર દિલ્હી, મુંબઇ અને નાગપુર જેવા મેટ્રો શહેરોમાં ૧૫૦ ફ્રેશ સમર્પિત E100 (૧૦૦% ઇથેનોલ) આઉટલેટ્સ સ્થાપી રહી છે. આ પગલાને સપોર્ટ કરવા માટે ઓટોમેકર્સ પણ આગળ આવ્યા છે. મારુતિ સુઝુકીએ દેશનું પ્રથમ ફ્લેક્સ-ફ્યુઅલ પેસેન્જર વાહન 'વેગન આર' રજૂ કર્યું છે, જ્યારે હીરો મોટોકોર્પે સ્પ્લેન્ડર અને HF ડિલક્સના ફ્લેક્સ-ફ્યુઅલ વર્ઝન લોન્ચ કર્યા છે જે ૨૦% થી ૮૫% ઇથેનોલ મિશ્રણ પર ચાલી શકે છે. સરકારી અંદાજ મુજબ, જો દેશમાં વેચાતા નવા વાહનોમાંથી અડધા વાહનો પણ ફ્લેક્સ-ફ્યુઅલ ટેકનોલોજી તરફ વળશે, તો તેનાથી ૩૦૦ કરોડ લિટરથી વધુ વધારાના ઇથેનોલની માંગ ઊભી થશે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**જમીન વેચવાની છે**
ગામ:-કમલાપોર, તા:ડોલવણ, જિ. તાપી
સોલાર લાયક 66 KV નજીક
15.5 વિંઘા જુની શરત
નહેરની બાજુમાં ખેતી માટે ઉત્તમ
મો:-9725710000

**1BHK & 2BHK ફ્લેટ વેચાણથી આપવાના છે**
ઉધના મેઇન રોડ ઉપર
99247 27555

**ઓપલાડ**
જી.આઇ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ શેડ ૧૭x૧૦૦ ફૂટ ના ચાર ગાળા (ગ્રાઉન્ડ ફ્લોર) ભાડેથી આપવાના છે. સંપર્કઃ- 9106712270

વ્યવસાયીક ધંધાકીય

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**વુલન સ્વેટર,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

**કબૂતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**ઘરબેઠા TV, LCD**
LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

નાનપુરા વિસ્તારમાં પહેલા અને બીજા માળે ૧૦૦૦ સ્કવેરફુટ જગ્યા ભાડે આપવાની છે. પાર્કિંગ લીફ્ટની સુવિધા સાથે. દલાલ આવકાર્ય
મોબાઇલ નં. 9898041152

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

મિલ્કત ભાડે -વેચાણ

**ભેસ્તાનમાં**
ઈન્ડસ્ટ્રીયલ શેડ, વેચવાનો/ ભાડેથી આપવાનો છે. 32x38, પાવર સાથે, સોનલ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી, Mobile- 9374714396

નોકરી વિષયક

**બેન્કના વ્હીકલ**
લોનના કામકાજ માટે છોકરા/ છોકરી જોઈએ છે લાયકાત- ૧૦ પાસ સેલરી + ઈન્સેન્ટિવ સંપર્ક- ૮૩૧૯૨૨૬૪૪૩ (138)

**Required Staff**
For English Medium school All subjects Teachers (Science/ Commerce) Supervisor and Vice Principal Contact M: 9725040581/ 9998210581 (139)

**મહિલા શિક્ષક**
જોઈએ છે, ઈંગ્લીશ જરૂરી વધુ વિગતો Call: 9879779055

મિલ્કત ભાડેથી

**ઓફિસ માટે**
જગ્યા ભાડે આપવાની આશરે 3000 ચો.ફુટ, કુદરતી હવાઉજાસ, ફાયર NOC, ૨૪ કલાક પાણી, લિફ્ટની સુવિધાવાળી. લાલગેટ, ખાંડબજાર, સુરત, દલાલ આવકાર્ય ભરત ચલીયાવાલા 9227986400

મિલ્કત વેચવાની છે

**વેસુમાં બંગલો**
વેચવાનો છે 155 વાર કોર્નર વાળું G+1 જૂનું બાંધકામ MO- 9228508601

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**મહાદેવ ટુર એન્ડ**
ટ્રાવેલ્સ. (ઉજ્જૈન, ઓમકારેશ્વર, બગલામુખી, શિહોર) (દ્વારકા, સોમનાથ, સારંગપુર, વિરપુર) (ડાકોર, ગળતેશ્વર) (મહારાષ્ટ્ર જ્યોતિર્લિંગ) 7802062340, 8238872861 (137)

**સાળંગપુર, વીરપુર**
સોમનાથ, દીવ, દ્વારકા દિવસ- ૨ તા. 6, 12 જુન. જયેશ ભટ્ટ 9909888622

**(સાગર- 9427113317)**
18- જુનમાં (એસી સ્લીપિંગમાં) ગોવામાં ત્રણ નાઈટ, શનિ, રવિ સાપુતારામાં નાઈટ,

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.